# સને:૨૦૧૩–૧૪

| અપીલ નં./ વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમની તારીખ |
|---|---|---|
| ૦૧<br>(૨૦૧૩–૧૪) | આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી અરૂણભાઈ એસ. પાઠકની તા.૧૮/૧૨/૧૩ની અરજીથી તા.૧૨/૧૧/૧૦ થી તા.૧૨/૧૧/૧૩ સુધીના સમયગાળા દરમ્યાન આવેલ આરોગ્ય વિભાગની તમામ ફરીયાદો અને તે અંગે આરોગ્ય વિભાગ ધ્વારા કરેલ કાર્યવાહીની માહિતી બાબત. | એમ.સી.એચ./આઉટ/૧૭૬૫<br>તા.૧૫/૦૧/૧૪ |

મોકલનાર : ડો.એચ.ડી.દુધવાલા
અપીલ અધિકારી અને
મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર,
(મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ),
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,
ટાવર રોડ, સુરત.

પ્રતિ,
શ્રી અરૂણભાઈ એસ. પાઠક

શ્રીમાન,

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ મીહતી આપવા વિનંતી કરતી આપની તા.૧૨/૧૧/૧૩ની આપની અરજીના અનુસંધાનમાં મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને લાગત મુદ્દા નં.૦૧ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના તા.૧૨/૧૧/૧૦ થી તા.૧૨/૧૧/૧૩ સુધીની આવેલ તમામ ફરીયાદ અરજીઓની એટેસ્ટેડ નકલો તથા તે તમામ અરજીઓના અનુસંધાનમાં આરોગ્ય વિભાગ ધ્વારા આજદિન સુધી જે કંઈપણ કાર્યવાહી કરેલ હોય, તે તમામ કાર્યવાહીની એટેસ્ટેડ નકલોની માંગણી કરવામાં આવેલ હતી.

ઉપરોકત માંગણીના અનુસંધાનમાં અત્રે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતેથી જાહેર માહિતી અધિકારી અને સીની.સ્થાનિક વૈ.અમલદારશ્રી,મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા નં.એમ.સી.એચ./આઉટ/૧૫૪૫ તા.૦૭/૧૨/૧૩ ના રોજ સ્પીડ પોસ્ટ ધ્વારા પત્ર પાઠવી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે આપની અરજીમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન આરોગ્ય વિષયક કોઈ ફરીયાદ પ્રાપ્ત થયેલ ન હોવાની જાણ કરવામાં આવેલ હતી. એ માહિતી/નિર્ણયથી નારાજ થઈ તા.૧૮/૧૨/૧૩ના રોજ આપના ધ્વારા અપીલ અધિકારીશ્રી, ડો.એચ.ડી.દુધવાલા (મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરશ્રી (મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ)ને અપીલ કરવામાં આવેલ હતી.

આપની તા.૧૮/૧૨/૧૩ની અપીલના અનુસંધાનમાં આ અપીલની સુનવણી તા.૧૪/૦૧/૧૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરશ્રી (મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ) સમક્ષ રાખવામાં આવેલ હતી, આ અંગેની જાણ કરતો પત્ર નં.એમ.સી.એચ./આઉટ/૧૭૨૨ તા.૦૮/૦૧/૧૪ના રોજ સ્પીડ પોસ્ટ ધ્વારા આપને પાઠવવામાં આવેલ હતો. પરંતુ આપની અપીલના અનુસંધાનમાં રાખેલ સુનવણી અંગે આપ અત્રે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે હાજર રહેલ ન હતા તેમજ આ અંગે સુનવણીની મુદ્દત લંબાવવા આપના તરફથી લેખિત કે મૌખિક કોઈ રજુઆત કરવામાં આવેલ ન હતી. જે તમામ હકીકત ધ્યાને લેતાં હું અપીલ અધિકારી ડો.એચ.ડી.દુધવાલા, મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર (મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ) મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ આપની માહિતી માંગતી તા.૧૨/૧૧/૧૩ની અરજીના અનુસંધાનમાં તમોએ માંગેલી તા.૧૨/૧૧/૧૦ થી તા.૧૨/૧૧/૧૩ સુધીમાં મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને મળેલ તમામ ફરીયાદોની નકલના થતા પાના નં.૧૫૦ના પ્રતિ પાનાના રૂા.૦૨/– લેખે રૂા.૩૦૦/–ફી લઈ તમામ નકલો આપવાનો આથી હુકમ કરું છું. જેથી ઉપરોકત ફી ભરી આપની નકલો મેળવી લેવા પ્રબંધ કરશો.

આપનો વિશ્વાસુ,

Sd/-

................................
અપીલ અધિકારી અને
મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર
(મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ)
(ડો.એચ. ડી. દુધવાલા)
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ

ન.ર. : આર.ટી.આઈ. સેલ પ્રતિ...... જાણ માટે.